| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૪ /૦૮ / ૨૦૧૮ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૪ /૦૮/ ૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | ૦૪ /૦૪/ ૨૦૨૫ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | ૦૬ | ૦૮ | ૦૦ |

**મે. મહેસાણાના બીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ,**

**એટઃ–વિસનગર સમક્ષ**

**જજમેન્ટ તારીખઃ– ૧૫/૦૪/૨૦૨૫**

**<u>સેશન્સ કેસ નંબર– ૫૯/૨૦૧૮.</u>**

**આંક – ૧૦૩.**

**વડનગર પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નંબર–૫૪/૨૦૧૮ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ..**

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **પ્રોસીક્યુશન તરફે** | **વિદ્વાન એડિ. પી.પી.શ્રી આર. બી. દરજી.** |
| **આરોપીઓઃ–** | **૧. ઠાકોર વદનજી રમાજી, (એબેટ)**<br><br>**૨. ઠાકોર પોપટજી રમાજી,**<br>ઉ.વ.આ.– ૫૫,<br><br>**૩. ઠાકોર નાગરજી રમાજી,**<br>ઉ.વ.આ.– ૫૫,<br><br>**૪. ઠાકોર મનુજી અજમલજી,**<br>ઉ.વ.આ.– ૩૦,<br><br>**૫. ઠાકોર કનુજી અજમલજી, (એબેટ)**<br><br>**૬. ઠાકોર વિજયજી નાગરજી,**<br>ઉ.વ.આ.– ૨૫,<br><br>**૭. ઠાકોર રણજીતજી પોપટજી,**<br>ઉ.વ.આ.– ૨૭,<br>તમામ રહે.– ગુંજા ગામની સીમ ઉંટવાડીયાપુરા,<br>તા.– વિસનગર, જી.– પાટણ.<br>મુળ રહે.– છાબલીયા મોટોવાસ,<br>તા.– વડનગર, જી.– મહેસાણા. |

| | |
|---|---|
| **આરોપીઓ તરફે** | **વિદ્વાન વકીલ શ્રી પી. જે. બારોટ.** |

**ગુન્હાનો ચાર્જઃ–** **ભારતીય દંડ સહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ...**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૧૯–૦૬–૨૦૧૮ |
| એફ.આઇ.આર.ની તારીખઃ– | ૨૦–૦૬–૨૦૧૮ |
| ચાર્જશીટની નકલઃ– | ૦૩–૦૮–૨૦૧૮ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખઃ– | ૦૫–૦૧–૨૦૧૯ |
| પુરાવો લીધા તારીખઃ– | ૨૦–૧૧–૨૦૨૪ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખઃ– | ૨૯–૦૩–૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો હોય તોઃ– | ––––– |

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રી.પો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ઠાકોર વદનજી રમાજી,** | ૨૦–૦૬–૧૮ | ૨૪–૦૮–૧૮ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટ ની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | –– | ૦૨ માસ ૦૪ દિવસ |
| ૨. | **ઠાકોર પોપટજી રમાજી,** | ૨૦–૦૬–૧૮ | ૨૭–૦૮–૧૮ | " " " | નિર્દોષ | –– | ૦૨ માસ ૦૭ દિવસ |
| ૩. | **ઠાકોર નાગરજી રમાજી,** | ૨૦–૦૬–૧૮ | ૨૭–૦૮–૧૮ | " " " | નિર્દોષ | –– | ૦૨ માસ ૦૭ દિવસ |
| ૪. | **ઠાકોર મનુજી અજમલજી,** | ૨૦–૦૬–૧૮ | ૨૭–૦૮–૧૮ | " " " | નિર્દોષ | –– | ૦૨ માસ ૦૭ દિવસ |
| ૫. | **ઠાકોર કનુજી અજમલજી,** | ૨૦–૦૬–૧૮ | ૨૭–૦૮–૧૮ | " " " | નિર્દોષ | –– | ૦૨ માસ ૦૭ દિવસ |
| ૬. | **ઠાકોર વિજયજી નાગરજી,** | ૨૦–૦૬–૧૮ | ૨૭–૦૮–૧૮ | " " " | નિર્દોષ | –– | ૦૨ માસ ૦૭ દિવસ |
| ૭. | **ઠાકોર રણજીતજી** | ૨૦–૦૬–૧૮ | ૨૭–૦૮–૧૮ | " " " | નિર્દોષ | –– | ૦૨ માસ ૦૭ દિવસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **પોપટજી,** | | | | | | |

## --// જ જ મે ન્ટ //--

(૧).. આ કામના આરોપીઓ વિરૂધ્ધ **વડનગર પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નંબર–૫૪/૨૦૧૮ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબનો ગુનો નોંધાયેલ છે, જે ગુના સબબ આરોપીઓ જામીન મુક્ત છે.

આ કામના આરોપી નંબર–૦૧, **ઠાકોર વદનજી રમાજી** નાઓ તથા આરોપી નંબર–૦૫, **ઠાકોર કનુજી અજમલજી** નાઓ ચાલુ કાર્યવાહી દરમ્યાન મરણ ગયેલ હોય આ કામે આરોપી નંબર–૦૧ તથા આરોપી નંબર–૦૫ને એબેટ કરવામાં આવેલ છે.

(૨).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના તહોમતદારોએ ગઈ તા.૧૯–૦૬–૨૦૧૮ ના રોજ કલાક ૧૭–૩૦ વાગ્યાના સુમારે મોજે શેખપુર (વડ) ઉટવાડીયાના આંટામાં આ કામના ફરિયાદી તથા સાહેદોના બાપ દાદાની જમીનમાં તહોમતદારોએ મકાનો બનાવેલ છે અને તે જમીનમાં ફરિયાદીના કાકાએ છાપરૂ બનાવેલ છે અને આ જમીન પડાવી લેવાના હેતુસર તહોમતદાર નંબર–૦૧ થી ૦૪ નાએ ફરિયાદીના ઘરે જઈ કહેવા લાગેલ અને તમારા પરીવારના કોઈ સભ્ય ચાર વિઘા જમીનમાં પગ મુકવો નહી નહીતર હાથપગ ભાંગી નાખીશું અને તહોમતદારોએ ફરિયાદી તથા સાહેદોને મા–બેન સામી ભુંડી ગાળો બોલવા લાગેલ જેથી ગાળો બોલવાની ના પાડતાં તહોમતદાર નંબર–૦૧નાએ પોતાના હાથમાંનું ધારિયું ફરિયાદીના કાકાના દીકરાને મારી નાખવાના ઈરાદે માથાના પાછળના ભાગે મારેલ અને તહોમતદાર નંબર–૦૫નાઓએ તેમનું ઉપરામણ લઈ આવી તેમના હાથમાંની લાકડી ફરિયાદીના હાથે મારી ફરિયાદીને ઈજાઓ કરેલ તેમજ સાહેદોને ગડદાપાટુનો માર મારેલ તેમજ તહોમતદાર નંબર–૦૫ થી ૦૭નાઓએ ઉપરાણુ લઈ આવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ તહોમતદારોએ ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, **૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ તે મતલબની ફરિયાદ ફરિયાદીએ તા.૨૦–૦૬–૨૦૧૮ ના રોજ

નોંધાવેલ છે.

(૩).. સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આરોપીને અટક કરેલ, તેમજ આરોપીઓની શરીર સ્થીતીનું પંચનામું કરેલ, ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તપાસ પૂર્ણ થયા બાદ ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ વિદ્વાન વડનગરની કોર્ટમાં રજૂ કરેલ. જ્યાં ક્રીમીનલ કેસ નંબર–૨૪૯/૨૦૧૮થી કેસ રજિસ્ટર્ડ થયેલ છે. ત્યારબાદ સદર કેસ કમીટ થઇ નામદાર સેશન્સ કોર્ટમાં આવતાં જ્યાં સદર સેશન્સ કેસ નંબર–૫૯/૨૦૧૮થી રજીસ્ટર્ડ થયેલ છે.

(૪).. આરોપીઓને ધોરણસર પ્રોસેસની બજવણી થતા, ત્યારબાદ આરોપી તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરેલ. ત્યારબાદ વિદ્વાન એડિશ્નલ પબ્લીક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસેજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ કેસ પેપર્સ વંચાણે લઇ **આંક–૦૭**થી આરોપીઓ ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૮ થી આંક–૧૪ મુજબ આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ઈન્સાફિ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫).. ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

## // મૌખિક પુરાવો //

| ક્રમ | પ્રોસીક્યુશન વીટનેસ નંબર | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | સાહેદ નંબર–૦૧. | ડૉક્ટર, નરેશકુમાર રતુભાઇ ડામોરની | ૧૫ |

| | | | |
|---|---|---|---|
| | | જુબાની. | |
| ૨. | સાહેદ નંબર–૦૨. | ડૉક્ટર, ઉષાબેન રેવાભાઇ પરમારની જુબાની. | ૨૭ |
| ૩. | સાહેદ નંબર–૦૩. | ગુનાવાળી જગ્યના પંચનામાના પંચ સાહેદ, ગોપાળજી ડાહ્યાજી ઠાકોરની જુબાની. | ૩૪ |
| ૪. | સાહેદ નંબર–૦૪. | આરોપીના કપડા કબજે કર્યના પંચનામાના પંચ સાહેદ, મહેશજી સુંદરજી ઠાકોરની જુબાની. | ૫૦ |
| ૫. | સાહેદ નંબર–૦૫. | મુદ્દામાલ મારક હથિયાર કબજે કર્યના પંચનામાના પંચ સાહેદ, મંગાજી કુંવરજી ઠાકોરની જુબાની. | ૫૪ |
| ૬. | સાહેદ નંબર–૦૬. | ફરિયાદી, ઠાકોર અશોકજી સુંદરજીની જુબાની. | ૭૧ |
| ૭. | સાહેદ નંબર–૦૭. | હે. કો., મોઘજીભાઇ ગણેશભાઇ પ્રજાપતિની જુબાની. | ૭૩ |
| ૮. | સાહેદ નંબર–૦૮. | પી. એસ. આઇ., સંજયકુમાર જગદીશગીરી ગોસ્વામીની જુબાની. | ૭૭ |
| ૯. | સાહેદ નંબર–૦૯. | પી. એસ. આઇ., ભારતકુમાર મણીલાલ પટેલની જુબાની. | ૮૬ |
| ૧૦. | સાહેદ નંબર–૧૦. | સાહેદ, અલ્પેશજી ઉદાજી ઠાકોરની જુબાની. | ૯૪ |
| ૧૧. | સાહેદ નંબર–૧૧. | સાહેદ, સજ્જનબેન કનુજી ઠાકોરની જુબાની. | ૯૬ |
| ૧૨. | સાહેદ નંબર–૧૨. | સાહેદ, ઠાકોર દીલીપજી સુંદરજીની જુબાની. | ૧૦૧ |

## // દસ્તાવેજી પુરાવો //

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઠાકોર સજ્જનબેનને થયેલ ઈજાનું પ્રમાણપત્ર. | ૧૬ |
| ૨. | સજ્જનબેનના ઓપીડી કેસ પેપર્સ. | ૧૭ |
| ૩. | દીલીપજી ઠાકોરને થયેલ ઈજાનું પ્રમાણપત્ર. | ૧૮ |
| ૪. | દીલીપજીના ઓપીડી કેસ પેપર્સ. | ૧૯ |
| ૫. | અલ્પેશજી ઠાકોરને થયેલ ઈજાનું પ્રમાણપત્ર. | ૨૦ |
| ૬. | અલ્પેશજીના ઓપીડી કેસ પેપર્સ. | ૨૧ |
| ૭. | અશોકજી ઠાકોરને થયેલ ઈજાનું પ્રમાણપત્ર. | ૨૨ |
| ૮. | અશોકજીના ના ઓપીડી કેસ પેપર્સ. | ૨૩ |
| ૯. | અલ્પેશજી ઠાકોરને થયેલ ઈજાનું પ્રમાણપત્ર. | ૨૮ |
| ૧૦. | અલ્પેશજીના ઓપીડી કેસ પેપર્સ પેજ–૧૭. | ૨૯ |

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧૧. | એકસ રે ફીલ્મ–૦૨. | ૩૦ |
| ૧૨. | દર્દીનું ડી.ડી. લેવા માટે કરેલ રીપોર્ટ. | ૩૧ |
| ૧૩. | દર્દી સભાન અવસ્થામાં હોય તે બાબતનો રીપોર્ટ. | ૩૨ |
| ૧૪. | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૩૫ |
| ૧૫. | મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૧ અને ૦૨ ની પંચ સ્લીપો. | ૩૬, ૩૭ |
| ૧૬. | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું. | ૫૧ |
| ૧૭. | મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૩ અને ૦૪ ની પંચ સ્લીપો. | ૫૨, ૫૩ |
| ૧૮. | મુદ્દામાલ મારક હથિયાર કબજે કર્યાનું પંચનામું. | ૫૫ |
| ૧૯. | મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૫ થી ૦૭ ની પંચ સ્લીપો. | ૫૬થી ૫૮ |
| ૨૦. | ફરિયાદ. | ૭૨ |
| ૨૧. | સ્ટેશન ડા.રીની નકલ. | ૭૪ |
| ૨૨. | ડેપ્યુટ હુકમ. | ૭૫ |
| ૨૩. | ગુનો રજીસ્ટર્ડ કરવા કરેલ યાદી. | ૭૮ |
| ૨૪. | એફ. એસ. એલ.નો પરીક્ષણ અહેવાલ. | ૭૯ |
| ૨૫. | રવાનગી નોધ તથા મુદ્દામાલ એફ. એસ. એલ. ને મળ્યાની પહોચ. | ૮૦થી ૮૧ |
| ૨૬. | ઈજા પામનાર અલ્પેશજી ભાનમાં છે કે નહી તે બાબતનો રીપોર્ટ. | ૮૨ |
| ૨૭. | આરોપીઓને અટક કરવા સ્ટેશન ડાયરીમાં કરેલ નોધ. | ૮૩, ૮૪ |
| ૨૮. | એફ. એસ. એલ.નો રીપોર્ટ. | ૮૭ થી ૮૯ |

**<u>મટીરીયલ્સ ઓબ્જેક્ટસ</u>**

| ક્રમ | મટેરીયલ ઓબ્જેક્ટસ | વર્ણન |
|---|---|---|
| ૧. | માટી | ૫૦૦ ગ્રામ જેટલી લોહીના ડાધાવાળી માટી. જે શીલબંધ છે. |
| ૨. | માટી | ૫૦૦ ગ્રામ જેટલી લોહીના ડાધાવાળી માટી. જે શીલબંધ છે. |
| ૩. | બનીયાન | એક કાળા કલરની બનીયાન જે જુના જેવી વપરાશવાળી જેની ઉપર ગુના લગત કોઇ નિશાન નથી. |
| ૪. | નાઈટી | એક કાળા કલરની નાઈટી જે જુના જેવી વપરાશવાળી જેની ઉપર ગુના લગત કોઇ નિશાન નથી. |
| ૫. | ધારીયું | એક લોખંડનું ધારીયું. |

| | | |
|---|---|---|
| ૬. | લાકડી | એક સાત ગાંઠો વાળી લાકડી. |
| ૭. | લાકડી | એક આઠ ગાંઠો વાળી લાકડી. |

**ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ–**

(૬).. ફરીયાદપક્ષ તર્ફે પુરાવો પુર્ણ થયાની પુરસીસ આપવામાં આવતા ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ રજુ કરેલ પુરાવાઓ સંદર્ભે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના તમામ પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે " આ કામના ફરિયાદીને જમીન અંગે દુઃખ હોઇ અમારી ઉપર ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરિયાદ આપી ખોટો ગુનો બનતો ન હોવા છતાં ખોટો કેસ કરેલ છે અને ચાર્જશીટ બનાવેલ છે. અમો આરોપી સદર ગુનામાં નિર્દોષ છીએ અને ફરિયાદમાં શંકા। આધારે અમારૂ નામ લખેલ છે અને પોલીસે ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે. તેમજ સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદો તપાસવા નથી. " તેમ જણાવેલ છે.

**દલીલઃ–**

(૭).. ફરીયાદપક્ષે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીક્યુટર શ્રી આર. બી. દરજીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓએ ફરિયાદીને ગંભીર પ્રકારની ઈજાનો પહોચાડી માર મારેલ હોય અને જે હકીકતને આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા મેડિકલ અધીકારીઓ તથા પોલીસ અધીકારીના પુરાવાથી પુરેપુરૂ સમર્થન પ્રાપ્ત થતું હોય આ કામના આરોપીઓને ગુનામાં દોષીત ઠરાવી કઠોરમાં કઠોર સજા કરવા વિનંતી કરેલ છે.

(૮).. જ્યારે બચાવપક્ષે શ્રી એન. વી. ઠાકોરનાએએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ ફરિયાદીએ પોતાની જુબાનીમાં ધણી બધી વિરોધાભાસી હકીકત જણાવેલ છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો તથા અન્ય સાહેદોએ ફરિયાદ હકીકત મુજબ જુબાની આપેલ નથી. આરોપીઓ નિર્દોષ હોઇ અને આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ મુજબની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોઇ ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે સાબીત કરી શકેલ નથી

તેમજ મેડિકલ ઓફીસરશ્રીઓ તથા પોલીસ અધીકારીઓએ તેમણે કરેલ કામગીરીને અનુરૂપ જુબાની આપલ હોય આ કામના આરોપીઓને  નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૯)..** આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુ દ્દાઓ //**

(૧).. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે**,** આ કામના તહોમતદારોએ ગઇ તા.૧૯–૦૬–૨૦૧૮ ના રોજ કલાક ૧૭–૩૦ વાગ્યાના સુમારે મોજે શેખપુર (વડ) ઉટવાડીયાના આંટામાં આ કામના ફરિયાદી તથા સાહેદોના બાપ દાદાની જમીનમાં તહોમતદારોએ મકાનો બનાવેલ છે અને તે જમીનમાં ફરિયાદીના કાકાએ છાપરૂ બનાવેલ છે અને આ જમીન પડાવી લેવાના હેતુસર તહોમતદાર નંબર–૦૧ થી ૦૪ નાએ ફરિયાદીના ઘરે જઇ કહેવા લાગેલ અને તમારા પરીવારના કોઇ સભ્ય ચાર વિધા જમીનમાં પગ મુકવો નહી નહીતર હાથપગ ભાંગી નાખીશું અને તહોમતદારોએ ફરિયાદી તથા સાહેદોને મા–બેન સામી ભુંડી ગાળો બોલવા લાગેલ જેથી ગાળો બોલવાની ના પાડતાં તહોમતદાર નંબર–૦૧નાએ પોતાના હાથમાંનું ધારિયું ફરિયાદીના કાકાના દીકરાને મારી નાખવાના ઈરાદે માથાના પાછળના ભાગે મારેલ અને તહોમતદાર નંબર–૦પનાઓએ તેમનું ઉપરામણ લઇ આવી તેમના હાથમાંની લાકડી ફરિયાદીના હાથે મારી ફરિયાદીને ઈજાઓ કરેલ તેમજ સાહેદોને ગડદાપાટુનો માર મારેલ તેમજ તહોમતદાર નંબર–૦પ થી ૦૭નાઓએ ઉપરાણુ લઇ આવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ તહોમતદારોએ ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી**, ૩૦૭, ૩૨૪, ૩૨૩, પ૦૪, પ૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩પ** મુજબનો શીક્ષાપાત્ર  ગુન્હો આચરેલ છે ?

(૨).. શું હુકમ?

**(૧૦)..** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). મુદ્દા નંબર –૦૧    નકારમાં.

(૨). મુદ્દા નંબર –૦૨    આખરી હુકમ મુજબ.

**(૧૧)..** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**// કા ર ણો //**

**<u>મુદ્દા નંબર–૦૧ થી ૦૨–</u>**

**<u>પંચ સાહેદોની જુબાનીઃ</u>–**

**(૧૨)..** ફરિયાદ પક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામું સાબિત કરવા માટે **આંક–૩૪થી પંચ સાહેદ, ગોપાળજી ડાહ્યાજી ઠાકોર (પી. ડબલ્યુ નંબર–૦૩)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓ તા.૨૧–૦૬–૨૦૧૮ ના રોજ તેમને વડનગર પોલીસે ઠાકોર ઉદાજી દલસંગજી ના ઘર આગળ મોજે શેખપુર ગામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવાનુ હોઈ તેમને પંચ તરીકે રહેવા સમજ કરતાં તેમણે પંચમાં રહેવા સંમતિ આપેલ. તેમની સાથે બીજા પંચ તરીકે છનાજી મણાજી ચેલાજી ઠાકોર હતા.આ પંચનામુ બપોરના ૦૨–૩૦ વાગે શરૂ કરેલ. ગુનાવાળી જગ્યા ઠાકોર મંગાજી દલસંગજી રહે. શેખપુર વાળાએ બતાવેલ. સદર ગુનાવાળી જગ્યા જોતાં ઉદાજીના ઘરથી પચ્ચિમ તરફ ૬ ઇંચ જેટલી દુર આવેલી. ગુનાવાળી જગ્યાએ તેમણે લોહીના ડાઘા જોયેલા. ત્યાંથી હાજર અધિકારીએ જયાં લોહીના ડાઘા હતા ત્યાંથી માટી લીધેલ તેમજ તે સિવાય બીજી જગ્યાએથી માટી લીધેલી જે પ્લાસ્ટીકની થેલીમાં પેક કરેલી.

**(૧૨.૧)..** વધુમાં સદર પંચ સાહેદે એવો પુરાવો આપેલ છે કે, ત્યારબાદ તેમાં પંચોની સહીઓ લઇ એક થેલીમાં મુકી પેક કરેલી. સદર ગુનાવાળી જગ્યાએથી પશ્ચીમે સુંદરજી દલસંગજી તેમજ ઉત્તરે કાંતિજી દલસંગજી અને દક્ષિણે ઢાળવાળો રસ્તો આવેલ છે અને પુર્વે ઉદાજીના ઘરનુ આંગણુ છોડી ખેતીની જમીન આવેલી હતી. સદર પંચનામુ ૦૩–૦૦ વાગે પુરૂ કરેલ. તેમ જણાવી તેમણે આંક–૩૫ ના ગુનાવાળી જગ્યાના પંચનામામાં તથા આંક–૩૬ અને આંક–૩૭ની મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૧ અને ૦૨ ઉપરની પંચસ્લીપોમાં પંચ નંબર–૦૧ તરીકે તેમની સહી અને પંચ નંબર–૦૨ તરીકે ઠાકોર છનાજી મણાજીની સહીઓ ઓળખી બતાવેલ છે.

**(૧૨.૨)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર પંચ સાહેદની વિગતવાર

ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઠાકોર મંગાજી દલસંગજી તેમના કોઇ સગા થતા નથી તેમજ આ કામના ફરીયાદી અશોકજી તેમના કોઇ સગા થતા નથી. એ વાત ખરી છે કે પોલીસે તેમને પંચમાં રહેવા માટે પોલીસ સ્ટેશને બોલાવેલ. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યા બતાવનાર મંગાજી દલસંગજી હતા તે તેઓ ચોકક્સ કહી શકુ નહી. તેમનું ખેતર ગુંજા સીમ ઉંટવાળીયામાં આવેલ છે. ઠાકોર મંગાજી દલસંગજી તેમના ગામના હોવાથી તેમને ઓળખે છે તેમજ મંગાજી ઠાકોર તેમના ગામના હોવાથી પોલીસે તેમને પંચમાં રહેવાનુ કહેતાં તેમણે પંચનામામાં સહી કરેલી. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, પંચનામુ કરેલ તે જગ્યાએ પાકો રોડ આવેલ હતો. પંચનામુ લખાતુ હતુ તે વખતે ત્યાં પાંચ વ્યકિતઓ હાજર હતા જેમાં તેઓ તથા મંગાજી તથા છનાજી અને બે પોલીસના માણસો હાજર હતા. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યાએ નેળીયામાં લોકોની અવરજવર વાળો રસ્તો હતો. પંચનામામાં તેમણે માત્ર સહી કરેલી.

**(૧૩)..** ફરિયાદ પક્ષે આરોપીઓના કપડા કબજે કર્યાનું પંચનામું સાબીત કરવા માટે **આંક–૫૦થી પંચ સાહેદ, મહેશજી સુંદરજી ઠાકોર (પી. ડબલ્યુ નંબર–૦૪)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેમને તા.૨૧–૦૬–૨૦૧૮ ના રોજ વડનગર પોલીસે સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે પુરૂષ વોર્ડમાં બોલાવલે અને ત્યાં તેમનું નામ ઠામ પુછેલ અને એક તૈયાર પંચનામામાં સહી લીધેલ તેમ જણાવી આંક–૫૧ ના કપડા કબજે કર્યાના પંચનામામાં તથા મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૩ અને ૦૪ વાળી પંચ સ્લીપો આંક–૫૨ અને આંક–૫૩માં તેમણે પંચ નંબર–૦૨ તરીકે પોતની સહી ઓળખી બતાવેલ છે. આમ સદર પંચ સાહેદે આંક–૫૧ ના પંચનામાની હકીકતોને બિલકુલ સમર્થન કરેલ નથી અને તેઓને ફરિયાદપક્ષે વિમુખ થયેલ પંચ સાહેદ તરીકે જાહેર કરેલા છે. આમ, સદર પંચ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી. તેમજ સદર પંચ સાહેદની જુબાની આધારે આ કામના આરોપીઓને તેમની સામેના ગુના માટે તકસીવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૪)..** ફરિયાદ પક્ષે મુદ્દામાલ મારક હથિયાર કબજે કર્યાનું પંચનામું સાબીત

કરવા માટે **આંક–૫૪થી પંચ સાહેદ, મંગાજી કુંવરજી ઠાકોર (પી. ડબલ્યુ નંબર–૦૫)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓતા.૨૭–૦૬–૨૦૧૮ ના રોજ તેઓ ગુંજાથી વિસનગર તરફ જતા હતા ત્યારે પોલીસે તેમનું નામ ઠામ પુછેલ અને એક તૈયાર પંચનામામાં સહી લીધેલ તેમ જણાવી આંક–૫૫ ના હથિયાર કબજે કર્યાના પંચનામામાં તથા મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૫, ૦૬ અને ૦૭ વાળી પંચ સ્લીપો આંક–૫૬, ૫૭, અને આંક–૫૮માં તેમણે પંચ નંબર–૦૧ તરીકે પોતની સહી ઓળખી બતાવેલ છે. આમ સદર પંચ સાહેદે આંક–૫૫ ના પંચનામાની હકીકતોને બિલકુલ સમર્થન કરેલ નથી અને તેઓને ફરિયાદપક્ષે વિમુખ થયેલ પંચ સાહેદ તરીકે જાહેર કરેલા છે. આમ, સદર પંચ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી. તેમજ સદર પંચ સાહેદની જુબાની આધારે આ કામના આરોપીઓને તેમની સામેના ગુના માટે તકસીવાન ઠરાવી શકાય તેમ નથી.

**<u>મેડિકલ એવિડન્સઃ–</u>**

**(૧૫)..** ફરિયાદ પક્ષે **આંક–૧૫થી ડૉક્ટર, નરેશકુમાર રતુભાઈ ડામોર (પી. ડબલ્યુ નંબર–૦૧)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓ એમ. બી. બી. એસ. ની ડીગ્રી ધરાવે છે અને છેલ્લા ૧૮ વર્ષથી તબીબી અધીકારી તરીકે ફરજ બજાવે છે અને છેલ્લા બે વર્ષથી વડનગર હોસ્પીટલમાં ફરજ બજાવે છે. તા.૧૯–૦૬–૨૦૧૮ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા તે સમયે સાંજના ૦૬–૨૦ કલાકે દર્દી નામે ઠાકોર સજ્જનબેન કનુજી, ઉ.વ.–૩૮, રહે.– છાબલીયા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સીવીલ હોસ્પીટલ વડનગર ખાતે સારવાર માટે આવેલ જેઓને પુછતાં તેમણે હીસ્ટ્રીમાં જણાવેલ કે" તેઓને કોઇ ખબર નથી તેવા હથિયારથી કાન ઉપર મારી ઈજા કરેલ અને તેજ દિવસે સાડા પાંચ વાગે છાબલીયા ગામે આ બનાવ બનેલ.જેઓને તપાસતાં તેઓ સંપુર્મ સભાન અવસ્થામાં હતા અને વાયટલ્સ નોર્મલ હતા.

**(૧૫.૧)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમને તપાસતાં ઈજા નંબર–૦૧,ડાબા કાનમાં ઓછુ સંભળાય છે તેવુ જણાવેલ તથા બીજી કોઇ બાહ્ય ઈજા ન હતી. તેમના અભિપ્રાય પ્રમાણે ઈજા નંબર–૦૧ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી. જેઓને પ્રાથમિક સારવાર આપી મહેસાણા સીવીલ

હોસ્પીટલમાં વધુ સારવાર માટે રીફર કરેલા. આ બાબતનુ સર્ટીફીકેટ આંક–૧૬થી તથા સજ્જનબેનના ઓ.પી.ડી પેપર્સ પેજ–૦૧ આંક–૧૭થી રજુ કરેલ છે.

**(૧૫.૨)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ તે જ દીવસે દર્દી નામે દિલીપજી સુંદરજી ઠાકોર ઉ.વ.૩૩ રહે. છાબલીયાનાઓને કલાક ૦૬–૨૦ વાગે તપાસેલ.જેઓને પણ ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમના સગા દ્વારા લાવેલ.જેઓને પુછતાં તેમણે હીસ્ટ્રીમાં જણાવેલ કે" તેઓને શરીરે લાકડી મારી ઈજાઓ કરેલ અને તેજ દિવસે સાડા પાંચ વાગે છાબલીયા ગામે આ બનાવ બનેલ.જેઓને તપાસતાં તેઓ સંપુર્ણ સભાન અવસ્થામાં હતા અને વાયટલ્સ નોર્મલ હતા. તેમને તપાસતાં ઈજા નંબર–૦૧, માથાના પાછળના ભાગે ૩ x ૩ સે.મીનુ લાલાશ પડતુ ચકામુ હતુ. તથા ઈજા નંબર–૦૨, ડાબા હાથે દુખાવાની ઈજા હતી. તેમના અભિપ્રાય પ્રમાણે ઈજા નંબર–૦૧ અને ૦૨ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી અને આ ઈજાઓ સામાન્ય હતી અને દસ થી બાર દિવસમાં આરામ થઇ શકે તેવી હતી. આ બાબતનુ સર્ટીફીકેટ આંક–૧૮ થી તથા દીલીપજી સુંદરજીના ઓ.પી.ડી પેપર્સ પેજ–૦૧ આંક–૧૯ થી રજુ કરેલ છે. દીલીપજીને જે ઈજાઓ થયેલ તે લાકડી વડે થઇ શકે તેવી હતી.

**(૧૫.૩)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ તે જ દીવસે દર્દી નામે અલ્પેશજી ઉદાજી ઠાકોર ઉ.વ.૨૦ રહે. છાબલીયાનાઓને કલાક ૦૬–૧૫ વાગે તપાસેલ.જેઓને પણ ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમના સગા દ્વારા લાવેલ.જેઓને પુછતાં તેમણે હીસ્ટ્રીમાં તેમના સગાએ જણાવેલ કે" તેઓને ધારીયુ મારી શરીરે ઈજાઓ કરેલ.જેઓને તપાસતાં તેઓ સંપુર્ણ સભાન અવસ્થામાં ન હતા તથા તેઓને ઘરે ઉલ્ટી થયેલ તેમજ બેભાન થઇ ગયેલ હતા તથા તેઓને હોસ્પીટલમાં આવ્યા પછી એકવાર ખેંચ પણ આવેલ હતી.જેઓની આંખની કીકી સામાન્ય કરતાં વધારે પહોળી હતી.તેઓનુ ટેમ્પરેચર નોર્મલ હતુ અને પલ્સ રેટ નોર્મલ હતા તથા બી.પી. પણ નોર્મલ હતુ. તેમને તપાસતાં ઈજા નંબર–૦૧, માથાના જમણી બાજુના આગળના હાડકા ઉપર કપાયેલો છુંદાયેલો ઘા હતો જેની સાઈઝ ૧.૫ સે.મી x ૦.૫ સે.મી ની હાડકાની ઉંડાઇ સુધીનો હતો. જેનો આકાર અર્ધ ગોળાકાર હતો. ઈજા નંબર–૦૨, માથાના વચલા ભાગે ત્રિકોણ આકારનો કપાયેલો છુંદાયેલો ઘા હતો જેની સાઈઝ આડી ૨ સે.મી અને સાઈડમાં બંને બાજુ

૧.૫ સે.મીની હતી તેમજ હાડકા સુધી ઉંડાઇનો હતો. ઈજા નંબર–૦૩, માથાની વચ્ચે ડાબી સાઈડે બે છુદાયેલા કપાયેલા ઘા હતા.અંદરની સાઇડની જે ઈજા હતી તે ૧ x ૦.૫ સેમીની ઉંડાઇની અને ચામડી સુધીની ઉંડાઇનો ઘા હતો તેમજ બીજી તેનાથી બહારની સાઇડમાં ૦.૫ સે.મી x ૦.૫ સે.મીનો ચામડીની ઉંડાઇ સુધીનો ઘા હતો.દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે મહેસાણા સીવીલ હોસ્પીટલમાં રીફ્ર કરેલા. તેમના અભિપ્રાય પ્રમાણે ઈજા નંબર–૦૧, ૦૨ અને ૦૩ કોઈ વજનદાર અને બુઠ્ઠી ધારવાળા હથિયારથી થઇ શકે તેવી હતી. આ બાબતનુ સર્ટીફીકેટ આંક–૨૦થી અલ્પેશજીના ઓ.પી.ડી પેપર્સ પેજ–૦૧ આંક–૨૧ થી રજુ કરેલ છે. અલ્પેશજીને થયેલ ઈજા ધારીયા વડે થઇ શકે તેવી હતી.

**(૧૫.૪)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ તે જ દીવસે દર્દી નામે અશોકજી સુંદરજી ઠાકોર ઉ.વ.૨૫ રહે. છાબલીયાનાઓને કલાક ૦૬–૧૫ વાગે તપાસેલ.જેઓને પણ ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમના સગા દ્બારા લાવેલ. જેઓને પુછતાં તેમણે હીસ્ટ્રીમાં જણાવેલ કે" તેઓને લાકડી મારી શરીરે ઈજાઓ કરેલ. જેઓને તપાસતાં તેઓ સંપુર્ણ સભાન અવસ્થામાં હતા અને વાયટલ્સ નોર્મલ હતા. તેમને તપાસતાં ઈજા નંબર–૦૧, જમણા હાથ ઉપર ખભાથી નીચે પાછળના અને બહારની ભાગે ૮ x ૨ સે.મીનુ લાલાશ પડતુ ચકામુ હતુ. ઈજા નંબર–૦૨, જમણા હાથ ઉપર ચાર ઘસરકા હતા જેઓની સાઇઝ ૦.૫ x ૨ સે.મીની હતી તથા ઈજા નંબર–૦૩, છાતીની જમણી અને બહારની બાજુએ ૨ x ૦.૫ સે.મીનો ઉજરડો હતો તેમજ ઈજા નંબર–૦૪, ડાબા હાથના પાછળના ભાગે બે ચકામા હતા.જેમાંથી ઉપરની ચકામુ ૯ x ૨ સે.મીના માપનુ અને તેની નીચેનુ ૬ x ૨ સે.મીનુ હતુ.

**(૧૫.૫)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને તે જ સમયે તેજ દીવસે દાખલ કરેલ અને તા.૨૫–૦૬–૨૦૧૮ ના રોજ રજા આપેલ. જેઓની તપાસ અર્થે જમણા હાથનો એકસ–રે તથા છાતીનો એકસ–રે અને પેટની સોનોગ્રાફી કરાવેલ જે બધા રીપોર્ટ નોર્મલ હતા. તેમના અભિપ્રાય પ્રમાણે ઈજા નંબર–૦૧ થી ૦૪ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી અને આ ઈજાઓ સામાન્ય હતી અને દસ થી બાર દિવસમાં આરામ થઇ શકે તેવી હતી. આ બાબતનુ સર્ટીફીકેટ આંક–૨૨ થી તથા અશોકજીના ઓ.પી.ડી પેપર્સ પેજ–૧૧

તથા એકસ–રે ફિલ્મ–૨ આંક–૨૩ થી રજુ કરેલ છે. આપવામાં આવે છે.અશોકજીને થયેલ ઈજા લાકડી વડે થઈ શકે તેવી હતી. આ બાબતની જાણ વડનગર પોલીસ સ્ટેશનમાં ગોવિંદભાઈ બકલ નંબર–૨૪૩૪ નાઓને ૦૭–૩૦ કલાકે ફોન દ્વારા કરેલી.

(૧૫.૬).. બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર ડૉક્ટર, નરેશકુમર ડામોરની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઠાકોર સજ્જનબેને તેમની હીસ્ટ્રીમાં ઠાકોર પોપટજી રામાજીએ ગડદાપાટુનો માર મારેલ તથા ગાલ ઉપર તમાચા મારેલાની હકીકત લખાવેલ નથી તેમજ દર્દી પોલીસ યાદી વગર તેમની સમક્ષ આવેલ. ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સજ્જનબેનને થયેલ ઈજા કાલ્પનીક પણ હોઈ શકે. ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દીલીપજી સુંદરજીએ તેમની સમક્ષની હીસ્ટ્રીમાં મનુજી અજમલજીએ લાકડી માથાના પાછળના ભાગે મારેલાની હકીકત લખાવેલ નથી. દર્દી પોલીસ યાદી વગર આવેલ. ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દીલીપજીને થયેલ ઈજા નંબર–૦૧ જમીન ઉપર પડી જવાથી થઈ શકે તેવી હતી, ઈજ નંબર–૦૨ કાલ્પીનીક હોઈ શકે. ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અશોકજી સુંદરજી ઠાકોરે તેમની સમક્ષ આપેલ હીસ્ટ્રીમાં કનુજી અજમલજીએ તેમના હાથમાંની લાકડી જમણા હાથે, બરડામાં તેમજ શરીરના અન્ય ભાગે મારેલાની હકીકત લખાવેલ નથી. અજમલજીને થયેલ ઈજા નંબર–૦૩, જાતે શરીર ઉપર કરી શકાય તે પ્રકારની હતી. ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અજમલજીને થયેલ ત્રણેય ઈજાઓ થયેલ તે કપાયેલ છુદાયેલ પ્રકારની હતી. એ વાત ખરી છે કે અલ્પેશજીને થયેલ ઈજા નંબર–૦૨ તે માથાના વચ્ચે ત્રિકોણ આકારનો કપાયેલો છુદાયેલો હતો તે ધારીયાનો સાર્પ ભાગ મારવામાં આવે તો ત્રિકોણ આકારનો કપાયેલો છુદાયેલો ઘા ન થાય. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે ઠાકોર સજ્જનબેન, ઠાકોર દીલીપજી તથા ઠાકોર અલ્પેશજી અને ઠાકોર અશોકજીની સારવાર કરેલી. ઉપરોક્ત દર્દીઓ પૈકી અલ્પેશજી ઠાકોર સિવાયન ત્રણ દર્દીઓ સભાન અવસ્થામાં હતા તેમજ અલ્પેશજીને ધારીયાથી ઈજા પહોચાડેલાની હકીકત તેના સગાએ તેમની સમક્ષ જાહેર કરેલી.

(૧૬).. ફરિયાદ પક્ષે **આંક–૨૭થી ડૉક્ટર, ઉષાબેન રેવાભાઇ પરમાર (પી. ડબલ્યુ નંબર–૦૨)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેણી એમ.બી.બી.એસ ની ડીગ્રી ધરાવ છે અને સાત વર્ષથી મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે અને છેલ્લા બે વર્ષથી અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં ફરજ બજાવે છે. તા.૧૯–૦૬–૨૦૧૮ ના રોજ ફરજ ઉપર હાજર હતી તે સમયે રાત્રીના ૧૧–૧૭ કલાકે દર્દી નામે અલ્પેશજી ઉદાજી ઠાકોર તેમના સગા સાથે સારવાર સારૂ આવેલા જેઓ કોઇપણ હોસ્પીટલની ટ્રાન્સફર ચીટ વગર આવેલ હોય તેણીએ લોકલ પોલીસને જાણ કરેલી.

(૧૬.૧).. વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેણીએ દર્દીના સગાને બનાવ બાબતે હીસ્ટ્રી પુછતાં તેઓએ જણાવેલ કે"તા.૧૯–૦૬–૨૦૧૮ ના રોજ સાંજના ૦૫–૩૦ કલાકે શેખપુર વડ ગામની સીમમાં નિવીનઉંટવાડીયા ધારીયુ મારી ઈજા કરેલ છે જે વદનજી રામાજી, પોપટજી રામાજીનાઓએ કરેલ છે. દર્દીને તપાસતાં તેઓ સભાન અવસ્થામાં હતા.તેમણે ૧૦ મીનીટ બેભાન થયેલાનુ જણાવેલ. તેઓની શારીરીક તપાસ કરતાં ઈજા નંબર–૦૧, ત્રણ ટાંકા લીધેલો ઘા માથાની ડાબી બાજુએ ૧ સે.મી જેટલો હતો. ઈજા નંબર–૦૨, ત્રણ ટાંકા લીધેલો ઘા ઈજા નં.૧ ની નીચે ૧ સે.મી જેટલો હતો. ઈજા નંબર–૦૩, બે ટાંકા લીધેલો ઘા જમણી બાજુ માથાના ભાગે હતો તથા ઈજા નંબર–૦૪, છાતીમાં દુખાવાની ફરીયાદ હતી. દર્દીનુ સીટીસ્કેન કરતાં માથાની ડાબી બાજુ ફ્રેકચર હતુ તેની નીચે મગજમાં અંદર અને બહારની બાજુ હેમરેજ અને સોજો હતો.

(૧૬.૨).. વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સદર દર્દીને અંદરના દર્દી તરીકે તા.૨૦–૦૬–૨૦૧૮ ના રોજ દાખલ કરેલ ત્યારબાદ દર્દીની હાલત ક્રીટ્રીકલ જણાતાં દર્દીને ડૉકટર જે.કે.શાહ ન્યુરો સર્જન દ્વારા ઓપરેશન કરેલ.ત્યારબાદ દર્દીની તબીયત સારી હોય તા.૨૩–૦૬–૨૦૧૮ ના રોજ ડીસ્ચાર્જ કરેલા. આ બાબતનુ મેડીકલ સર્ટીફિકટ આપેલ. આ કામે આંક–૨૮ થી મડિકલ સર્ટીફીકેટ તથા દર્દીના કેસપેપર્સ કુલ પેજ–૧૭ આંક–૨૯ થી તથા દર્દીના એકસ–રે ફિલ્મ–૨ આંક–૩૦ થી તેમજ દર્દીનુ ડી.ડી લેવા કરેલ રીપોર્ટ આંક–૩૧ થી તથા દર્દી સભાન અવસ્થામાં હોય તે બાબતનો રીપોર્ટ આંક–૩૨ થી રજુ કરેલ છે દર્દીને ટાંકા લીધેલ હોય મે ટાંકા ખોલીને ઘા જોયેલ ના હોય દર્દીને થયેલ ઈજા કયા

હથિયારથી થઇ શકે તે અંગે તેઓ કોઇ અભિપ્રાય આપી શકુ નહી.

**(૧૬.૩)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર ડૉક્ટર, ઉષાબેન પરમારની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઉપરોક્ત દર્દી તેમના સગા સબંધી સાથે સારવાર માટે તેમની પાસે આવેલા, દર્દી સાથે આવેલ તેમના પિતા ઉદાજીએ હીસ્ટ્રી આપેલ અને તેમાં આરોપીઓ વદનજી અને પોપટજી રામાજીના નામ જણાવેલ, ઉપરોક્ત દર્દી ભાનમાં હતા તે દરમ્યાન તેમની સમક્ષ કોઇ આરોપીઓના નામ જાહેર કરેલ નથી. ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે દર્દીના ટાંકા ખોલીને આંતરીક ઈજાઓ જોયેલ ન હોય ઇજઓ કોઇ વ્યક્તિ ટ્રેકટરની પાછળની કલ્ટીવેટર ઉપર પડી જાય તો થઇ શકે તે અંગે તેઓ કહી શકે નહી.

**<u>ફરિયાદીની જુબાનીઃ–</u>**

**(૧૭)..** ફરિયાદ પક્ષે સૌપ્રથમ **આંક–૭૧થી ફરિયાદી, ઠાકોર અશોકજી સુંદરજીને (પી. ડબલ્યુ નંબર–૦૬)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓ છાબલીયા મુકામે પરીવાર સાથે રહે છે અને ખેતી કરી  ગુજરાન ચલાવે છે, તેમના દાદાનુ નામ દલસંગજી ચેલાજી ઠાકોર છે. તેમના દાદાની જમીન શેખપુર અને ગુંજાની વચ્ચે આશરે આહેક વીઘા જમીન આવેલી છે. આ જમીનની સીમ ગુંજા ગામની છે. બનાવ સમયે તેમના દાદાની જમીન તેમના કાકા કનુજી દલસંગજી વાવતા હતા. આ જમીનમાં  કાકાએ પોતાનુ ઘર બનાવેલ છે અને બનાવ સમયે તેઓ તે જ ઘરમાં રહેતા હતા.

**(૧૭.૧)..** વધુમાં ફરિયાદીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૨૦–૦૬–૨૦૧૮ ના રોજ બપોરના અઢી વાગ્યાની આસપાસ બનેલો. આ બનાવ તેમના ઘર આગળ શેખપુરથી એક કીલોમીટર દુર ખેતરમાં બનેલો. બનાવ સમયે તેઓ , તથા તેમના પિતા સુંદરજી દલસંગજી તથા દિલીપજી સુદરજી તથા કાકાનો દિકરો અલ્પેશજી તથા  કાકા ઉદાજી દલસગજી તથા મગાજી દલસગજી

એ રીતના ઉભા હતા તે સમયે વદનજી રમાજી ધારીયુ લઈને તથા પોપટજી રમાજી લાકડી લઈને તથા મનુજી અજમલજી લાકડી લઈને તથા વિજયજી નાગરજી તથા રણજીતજી પોપટજી એ બંને લાકડીઓ લઈને તથા નાગરજી રમાજી પણ લાકડી લઈને ત્યા આવેલા. આવીને આ લોકો તેમને મારવા લાગેલા. વદનજી રમાજીએ અલ્પેશજીને માથાના ભાગે ધારીયુ મારેલુ, તેમને પોપટજીએ જમણા હાથના કાંડાના ભાગે મારેલી. ઉદાજી દલસંગજી તેમજ દીલીપજી સુંદરજી નાઓએ વચ્ચે પડીને વધુ માર માંથી છોડાવેલ. ત્યારબાદ તેમને તથા કાકાના દીકરા અલ્પેશજીને દીલીપજી દવાખાને લઈ ગયેલા. પહેલા વડનગર સીવીલ હોસ્પીટલમા સારવાર સારુ લઈ ગયેલા, તેમને વડનગર દાખલ કરેલો અને અલ્પેશજીને વધુ ઈજા થયેલ હોય તેમને વધુ સારવાર સારુ અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે લઈ ગયેલા. અલ્પેશજીને સાત ટાંકા આવેલા.

**(૧૭.૨)..** વધુમાં ફરિયાદી તેમના પુરાવામાં જણાવેલ છે કે, આ બનાવ બનવા પાછળનુ કારણ તેમને અને આરોપીઓ વચ્ચે જમીન બાબતે મનદુખ હતુ. આ કામના આરોપીઓને તથા મુદ્દામાલ હથિયારને તેમણે કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ કામે આંક–૭૨થી રજુ થયેલ ફરિયાદમાં તેમણે પોતાની સહી ઓળખી બતાવેલ છે. ડોકટર સાહેબે તેમને કઈ પુછેલ નહી કે તેમણે ડોકટરને કઈ જણાવેલ નહી.

**(૧૭.3)..** બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા ફરિયાદીની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ખેતી કામ કરતા હતા, બનાવના દિવસે બપોર પછી તેઓ ખેતી કરવા માટે ગયેલ નહી. આરોપીઓ અને તેમની વચ્ચે તકરારો ચાલતી હતી. ઉલટમાં ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને તેઓ એક જ ગામના હોય તેમને ઓળખે છે. હાલમાં પણ તેઓ એક જ ગામમાં રહે છે.

<u>**સાહેદોનો પુરાવોઃ**</u>–

(૧૮).. ફરિયાદ પક્ષે **આંક–૯૪થી સાહેદ, અલ્પેશજી ઉદાજી ઠાકોર (પી ડબલ્યુ નંબર–૧૦)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓ બનાવ વખતે ૨૦૧૮માં નુતન કોલેજમાં બી. કોમમાં અભ્યાસ કરતા હતા અને ઘરેથી અપડાઉન કરતા હતા તેઓ મોજે શેખપુર થી ગુંજા જવાના રોડ ઉપર આવલે વિસત ફાર્મ હાઉસમાં રહેતા હતા અને તમની ખેતીની જમીન ત્યાં જ આવેલ છે. જેમાં કપાસનું વાવેતર કરેલ હતું અને તા.૧૯–૦૬–૨૦૧૮ ના રોજ તેઓ તથા તેમના મમ્મી, પપ્પા ઘરના હાજર હતા તે વખતે બધા મારવા આવેલા, વદનજી, પોપટજી, વિજયજી આવેલ. અને તેમને મારવા લાગેલા. તેનો વીડિયો તેઓ ઉતારતા હતા તેઓ તેમને જોઇ ગયેલા અને તેમને પોપટડીએ પકડેલ અને વદનજીએ માથામાં ધારીયું મારેલ જેથી તેઓ બેભાન થઇ ગયેલા, આ લોકોએ આવીને મારામારી કરેલી તેમાં લાકડી મારતા હતા, પોપટજી લાકડી મારતા હતા, હાથે પગે અને છાતીએ બધે લાકડી મારેલ તેથી તેઓ બેભાન થઇ ગયેલા, બનાવની તેમના ભાના છોકરા અશોકજીએ ફરિયાદ આપેલી. બનાવ બાબતે પોલીસ તેમનું નિવેદન લીધેલું, આરોપીઓને તેમણ કૉર્ટ રૂબરૂ નામજોગ ઓળખી બતાવેલ છે.

(૧૮.૧).. બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને તેઓ એક જ ગામના હોય તેમને ઓળખે છે. હાલમાં પણ તેઓ એક જ ગામમાં રહે છે. તેથી બનાવ પહેલાંથી આરોપીઓને ઓળખે છે. આરોપીઓ સાથે તેમને જમીનની અદાવત ચાલે છે. ઉલટમાંએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા, બનાવ વખતે અંધારૂ હતું. બનાવમાં ભાગદોડ થતાં તેઓ જમીન પર પડી જતાં તેમને કોઇનો ધક્કો વાગવાથી તેઓ જમીન ઉપર પડી ગયેલા અને તેમને ઇજાઓ થયેલી. ઉલટમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે આરોપીઓના હાથામાં કોઇ મારક હથિયાર જોયેલ નહી. કોઇ વ્યક્તિના હાથમાં હથિયાર હોય અને તેમને ઇજા કરેલ હોય તેવું બનેલ નથી. ઉલટમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમને જમીનની તકરાર હોય જે મનદુઃખના કારણે આવેશમાં આવીને તેમણે લોકોના નામ આપેલા.

(૧૯).. ફરિયાદ પક્ષે **આંક–૯૬થી સાહેદ, સજ્જનેબન કનુજી ઠાકોર (પી ડબલ્યુ નંબર–૧૧)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં બનાવ પાંચેક વર્ષ પહેલાં બપોરના સમયે બનેલો, બનાવ વખતે તેઓ તેમના જેઠ સુંદરજીના ઘરે પરીવાર સાથે હાજર હતા. બનાવ જમીન બાબતે બનેલો, તેમની જમીન પોતાની હોવા છતાં તેઓને પડાવી લેવી હહોય તેમની સાથે ઝઘડો કરેલ અને ઝપાઝપી કરેલી. બનાવમાં પોપટજી, અલ્પેશજીએ ઉદાજીને માથાના ભાગે ધારીયું મારેલ તમેને પોપટજીએ લાફો મારેલો.

(૧૯.૧).. વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, હાલમાં તેમને ઓછું સંભળાય છે, આ લોકો પાંચ વિધા જમીન લેવી હોય રોજ ધમકી આપતા હતા અને બનાવ પછી તેમને જમીનમાંથી કાઢી મુકેલા ત્યારપછી તેમના જેઠના ઘરે ગયેલ અને ત્યાં પોપટડી વદનજી મારવા આવેલ અને બધાને બેઠો માર મારલ, અલ્પેશજીને આ વદનજીએ માથામાં ધારીયું મારેલ, તેમના ભત્રીજા અશોકને દીલીપને આ લોકોએ બેઠો માર મારેલ, આરોપીઓ જતા જતા કહેતા હતા કે અહી રહેશો તો મારીશું. તેમને ઈજા થયેલ હોય દવાખાને સારવાર સારૂ ગયેલા, બનાવની અશોકજીએ ફરિયાદ આપલી, પોલીસે તેમનું નિવેદન લીધલ, આરોપીઓને તેમણે કૉર્ટ રૂબરૂ નામજોગ ઓળખી બતાવેલ છે.

(૧૯.૨).. બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને તેઓ એક જ કુટુંબના અને એક જ ગામના હોય તેમને ઓળખે છે. આરોપીઓ સાથે તેમને વર્ષોથી જમીન બાબતે વિવાદ ચાલે છે. બનાવ વખતે ધણો બધો હોબાળો થયેલ, આરોપીઓ અને તેઓ એક જ કુટુંબના છે, બનાવ બનવાનું મુળ કારણ જમીનની અદાવત હતી. ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી. બનાવમાં ધણા બધા માણસો ભેગા થઇ ગયેલા અને ધક્કા મુક્કીમાં તેણીને પડી જવાથી ઈજા થયેલી. બનાવમાં તેમણે કોઈ વ્યક્તિના હાથમાં હથિયાર હોય અને તેમને ઈજા કરેલ હોય તેવું બનેલ નથી. ઉલટમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમને જમીનની તકરાર ચાલતી હોય લોકોના કહેવાથી આવેશમાં આવીને ફરિયાદ આપેલી.

(૨૦).. ફરિયાદ પક્ષે **આંક–૧૦૧થી સાહેદ, ઠાકોર દીલીપજી સુંદરજી (પી ડબલ્યુ નંબર–૧૨)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓ તેમના પરીવાર સાથે શેખપુર મુકામે રહે છે અને તેઓ ચાર ભાઇઓ છે જેમાં સૌથી મોટા તેઓ છે. તેમના પિતાજી ખેતીકામ કરે છે. તેમની વડીલોપાર્જીત ખેતીની જમીન બાબતે ઠાકોર વદનજી અને બીજાઓ સાથે વાદ–વિવાદ ચાલતા હતા. જેમાં સામાન્ય બોલાચાલી થયેલી અને ધણા બધા માણસો ભેગા થઇ ગયેલા અને ધક્કામુક્કી થતાં તેઓ પડી ગયેલા અને તેમને ઇજાઓ થયેલી. આમ સદર સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન ન કરતાં તેઓને વિદ્વાન અડિ. પી. પી. શ્રીની મૌખિક સંમતી આધારે ફરિ ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલા છે. આમ, સદર સાહેદની જુબાની ઉપર આધાર રાખી આ કામના આરોપીઓને તેમની સામેના આક્ષેપ માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

<u>**પોલીસ સાહેદનો પુરાવોઃ–**</u>

(૨૧).. ફરિયાદ પક્ષે **આંક–૭૩થી હે. કો., મોધજીભાઇ ગણેશભાઇ પ્રજાપતિ (પી ડબલ્યુ નંબર–૦૭)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓ તા.૨૦–૦૬–૨૦૧૮ ના રોજ કલાક ૧૪–૩૦ વાગે પી.એસ.ઓ.તરીકે વડનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતા ત્યારે એસ.જે. ગોસ્વામી પો.સબ.ઇન્સ.નાઓ રૂબરૂની ફરીયાદ તેમની તરફ ગુનો રજીસ્ટર કરવા આવતા તેમણે તે ફરીયાદ આધારે વડનગર પોલીસ સ્ટેશન સ્ટે.ડા.માં આ અંગે પેજ નંબર–૯૪ ઉપર અનુક્રમ નંબર–૧૧થી એન્ટ્રી કરેલ અને એફ.આઇ.આર.રજીસ્ટરે ગુનો નોંધેલ જે ફ.ગુ.રજી.નંબર–૫૪/૨૦૧૮થી આઇ.પી.સી.કલમ–૩૦૭,૩૨૩,૩૨૪,૫૦૪,૫૦૬(૨) ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ નોધેલ. જે સ્ટે.ડાયરી આંક–૭૪થી તથા તેમણે ગુનો રજીસ્ટર કરી પોલીસ સબ ઇન્સપેક્ટરને સદર ગુનાની તપાસ સોપેલી તે ડેપ્યુટ હુકમ આંક–૭૫ થી રજુ કરેલ છે. ઉલટમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુનો રજીસ્ટર્ડ કરવા સિવાય તેમણે બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૨૨).. ફરિયાદ પક્ષે **આંક–૭૭થી પી. એસ. આઇ., સંજયકુમાર જગદીશગીરી ગોસ્વામી (પી ડબલ્યુ નંબર–૦૮)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓ તા. ૨૦–૦૬–૨૦૧૮ ના રોજ પી.એસ. આઈ. તરીકે વડનગર પોલીસ સ્ટેશનમા

તેમની ફરજ પર હાજર હતા ત્યારે આ કામના ફરીયાદીનાઓ પોલીસ સ્ટેશનમા આવેલા અને તેમની રૂબરૂ તેઓની ફરીયાદ હકીકત જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલી અને ફરીયાદીને વાંચી સંભળાવતા તેઓના લખાવ્યા મુજબ આંક–૭૨ વાળી ફરીયાદ ખરી અને બરાબર હોઈ તેઓએ ફરીયાદ નીચે પોતાની સહી કરેલી અને રૂબરૂકર્તા તરીકે તેમણે સહી કરેલી.

**(૨૨.૧)..** વધુમાં પી. એસ. આઇ. શ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ સદર ગુનો રજીસ્ટર કરવા સારુ યાદી કરેલ. તે આ કામે આંક–૭૮થી ત્યારબાદ પી.એસ.ઓ. તરફથી આ તપાસ તેમને મળતા તેમણે તપાસ સંભાળી લીધેલી. બાદ આ ગુનાના કામે આંક–૩૫ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવામા આવેલુ. ગુનાવાળી જગ્યાએ એફ.એસ.એલ. પરીક્ષણ કરાવવુ જરુરી હોય એફ.એસ.એલ. અધિકારીને હાજર રખાવી પરીક્ષણ કરાવેલ જે સ્થળ પરીક્ષણ અહેવાલ આ કામે આંક–૭૯થી રજુ કરલ છે. ત્યારબાદ આરોપીને અટક કરેલા અને આરોપી મારક હથીયાર રજુ કરવા માંગતા હોઈ બે તટસ્થ પંચોને સાથે રાખી પંચનામુ કરેલ. જે આ કામે આંક–૫૫ થી તથા ઈજા પામનારના મેડીકલ સર્ટીફીકેટ આવી જતા તે તપાસના કામે સામેલ રાખેલ. કબજે કરેલ મુદામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તે રવાનગી નોંધ તથા મુદામાલ એફ.એસ.એલ.ને મળી ગયાની પંહોચ આ કામે અનુક્રમે આંક–૮૦ અને આંક–૮૧ થી તથા અલ્પેશજી ભાનમાં છે કે નહી તે બાબતે રીપોર્ટ અને ડી.ડી. લેવડાવવા સારુ યાદી કરેલી. જે આંક–૮૨ થી તથા આરોપીઓને અટક કરવા સ્ટે.ડા.માં નોંધ કરવા કરેલ રીપોર્ટ આંક–૮૩ અને આંક–૮૪ થી રજુ કરેલ છે.

**(૨૨.૨)..** વધુમાં પી. એસ. આઇ.,શ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ તેમની બદલી વિજાપુર પોલીસ સ્ટેશનમાં થતા આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી બી.એમ. પટેલ સાહેબનાઓએ સંભાળી લીધેલી. તેમણે

આરોપીઓને કૉર્ટ રૂબરૂ ઓળખ બતાવેલ છે. ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ જમીનના વિવાદ બાબતે બનેલો.

(૨૩).. ફરિયાદ પક્ષે **આંક–૮૬થી પી. એસ. આઇ., ભરતકુમાર મણીલાલ પટેલ (પી ડબલ્યુ નંબર–૦૯)ને** તપાસેલા છે. તેમની જુબાની જોતાં તેઓ તા.૧૫–૦૭–૨૦૧૮ ના રોજ પી.એસ. આઈ. તરીકે વડનગર પોલીસ સ્ટેશનમા તેમની ફરજ પર હાજર હતા તે વખતે આ કામના તપાસ કરનાર શ્રી એસ.જે. ગોસ્વામી તરફથી અમોને સદર કામની તપાસ મળેલી. તપાસ મળ્યા બાદ તપાસના કાગળોનો અભ્યાસ કરતા આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો હોઈ આરોપીઓ વિરુઘ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેમજ એફ.એસ.એલ. રીપોર્ટ આવતા તપાસના કામે સામેલ રાખેલ. જે આ કામે આંક–૮૭ અને આંક–૮૯ થી રજુ કરેલ છે તેમજઆરોપીઓને તેમણે કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૨૩).. આમ આ કામે ફરિયાદપક્ષ તરફે જે બનાવ બાબતની હકીકત રજુ કરવામાં આવેલ છે તેમાં બનાવ ચોક્કસ કઇ રીતે બનેલ છે તે બાબતે ચોક્કસ માનવા લાયક પુરાવો રજુ થયેલ નથી. જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે પુરાવામાં મોટાભાગની વિરોધાભાસી હકીકત જણાઇ આવે છે.

(૨૪).. આમ, આ કામના તહોમતદારોએ ગઇ તા.૧૯–૦૬–૨૦૧૮ ના રોજ કલાક ૧૭–૩૦ વાગ્યાના સુમારે મોજે શેખપુર (વડ) ઉટવાડીયાના આંટામાં આ કામના ફરિયાદી તથા સાહેદોના બાપ દાદાની જમીનમાં તહોમતદારોએ મકાનો બનાવેલ છે અને તે જમીનમાં ફરિયાદીના કાકાએ છાપરૂ બનાવેલ છે અને આ જમીન પડાવી લેવાના હેતુસર તહોમતદાર નંબર–૦૧ થી ૦૪ નાએ ફરિયાદીના ઘરે જઇ કહેવા લાગેલ અને તમારા પરીવારના કોઇ સભ્ય ચાર વિઘા જમીનમાં પગ મુકવો નહી નહીતર હાથપગ ભાંગી નાખીશું અને તહોમતદારોએ ફરિયાદી તથા સાહેદોને મા–બેન સામી ભુંડી ગાળો બોલવા લાગેલ જેથી ગાળો બોલવાની ના પાડતાં તહોમતદાર નંબર–૦૧નાએ પોતાના હાથમાંનું ધારિયું ફરિયાદીના કાકાના દીકરાને મારી નાખવાના ઇરાદે માથાના પાછળના ભાગે મારેલ અને તહોમતદાર નંબર–૦૫નાઓએ તેમનું ઉપરામણ લઇ આવી તેમના હાથમાંની લાકડી ફરિયાદીના હાથે મારી ફરિયાદીને ઇજાઓ કરેલ તેમજ સાહેદોને ગડદાપાટુનો માર મારેલ

તેમજ તહોમતદાર નંબર–૦૫ થી ૦૭નાઓએ ઉપરાણુ લઈ આવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ તહોમતદારોએ ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, **૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેવી કોઈ જ હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

**(૨૫)..** આમ આ કેસમાં આરોપીને દોષીત ઠરાવી શકાય તેવો વ્યાજબી શંકારહિત પુરાવો રેકર્ડ પર લાવવામાં અને આરોપીઓ વિરૂધ્ધનું તહોમતનામું સાબીત કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ રહેલ હોય **મુદ્દા નંબર–૦૧** નો જવાબ **"નકારમાં"** આપી **મુદ્દા નંબર–૦૨** અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧) પ્રસ્તુત કામના આરોપી નંબર–૦૨, **ઠાકોર પોપટજી રમાજી,** ઉ.વ.આ.– ૫૫, તથા આરોપી નંબર–૦૩, **ઠાકોર નાગરજી રમાજી,** ઉ.વ.આ.– ૫૫, તથા આરોપી નંબર–૦૪, **ઠાકોર મનુજી અજમલજી,** ઉ.વ.આ.– ૩૦, તથા આરોપી નંબર–૦૬, **ઠાકોર વિજયજી નાગરજી,** ઉ.વ.આ.– ૨૫, તથા આરોપી નંબર–૦૭, **ઠાકોર રણજીતજી પોપટજી,** ઉ.વ.આ.– ૨૭, તમામ રહે.– ગુંજા ગામની સીમ ઉંટવાડીયાપુરા, તા.– વિસનગર, જી.– પાટણ. મુળ રહે.– છાબલીયા મોટોવાસ, તા.– વડનગર, જી.– મહેસાણાવાળાને, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) મુજબ, **વડનગર પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નંબર–૫૪/૨૦૧૮ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબના ગુન્હાના સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આજરોજ મજકૂર ઠરાવ સામે નામદાર ગુજરાત હોઈકોર્ટમાં અપીલ થવાના પ્રસંગે પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર)ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩). આરોપીઓના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ લેવાયેલા જામીનની સમય મર્યાદા ૦૬ (છ) માસ સુધીની રહેશે.

૪). મુદ્દામાલનો અપીલ સમય વીતેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૫મી માહે માર્ચ, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૫/૦૩/૨૦૨૫.
સ્થળ – વિસનગર.

**(નાસીર સૈયદુલ્લા સિદ્દિકી)**
Code No.GJ–00650
બીજા એડીશનલ સેશન્સ જજ, મહેસાણા,
મુ.વિસનગર.

પી.એસ., મહેશ જી. રાવલ.